# ગુજરાતી સાહિત્યકારો-લેખ પ્રતિયોગીતા

## ધ ઓપન પેજ અને વિકિપીડીયા

## સંયુક્ત રીતે

વિદ્યાર્થીઓને ગુજરાતી સાહિત્યકારો પર લેખ તૈયાર કરવાની સ્પર્ધામાં ભાગ લેવા માટે હાર્દિક નિમંત્રણ પાઠવે છે.

વિકિપીડીયા એક ઓનલાઇન જ્ઞાનકોષ છે જે વિશ્વની ૩૦૦ ઉપરાંત ભાષાઓમાં સક્રીય છે. ગુજરાતી વિકિપીડીયા તેમાથી એક છે. ગુજરાતી વિકિપીડીયામાં ૨૧૦૦૦થી વધુ લેખ છે અને તેને ૧ લાખથી પણ વધુ લોકો વિશ્વભરમાં વાંચે છે. તમારા બાળકોને આ જ્ઞાનના ભંડારમાં યોગદાન આપવાનો મોકો આપો.

વિષયઃ

૧. ગુજરાતી નવલકથાકાર
૨. ગુજરાતી કવિ
૩. ગુજરાતી નાટ્યલેખક
૪. ગુજરાતી હાસ્યલેખન
૫. ગુજરાતી લોક કથાકાર

લેખ ૩૦૦ શબ્દમાં લખાયેલો હોવો જોઇએ.

ખોસ નોંધ લોઃ

- આ સ્પર્ધામાં કોઇ એન્ટ્રી ફી નથી.
- આપનું લખાણ મૌલિક હોવું જરૂરી છે. અને લખાણમાં ત્રણ સંદર્ભ ટાંકવા આવશ્યક છે. (સંદર્ભ માટે પુસ્તક, લીંક અથવા શોધ નિબંધનો ઉપયોગ થઇ શકે છે.)
- વિદ્યાર્થીનું પોતાનું ઇ-મેઇલ આઇ.ડી હોવું જરૂરી છે કારણકે આ સ્પર્ધાનો અંતિમ અને નિર્ણાયક તબક્કો ઓનલાઇન હશે.
- વિદ્યાર્થીઓએ લેખ પોતાની શાળા /કોલેજમાં જ લખેલા હોવા જોઇએ.
- સ્પર્ધામાં ભાગ લેવા માટે વિદ્યાર્થીઓના લેખ તા. ૫-૯-૨૦૧૨ સુધીમાં મળી જવા જોઇએ.
- દરેક શાળામાંથી વધુમાં વધુ ૨૦ વિદ્યાર્થીઓ ભાગ લઇ શકશે.
- આપના લેખ ડૉ. ઉર્મિલાબેન શાહ ડૉ. યોગેન્દ્ર વ્યાસ તથા શ્રી અશોક વૈષ્ણવ દ્વારા ચકાસવામાં આવશે અને શ્રેષ્ઠ ૨૦ લેખને બીજા અને ફાઇનલ તબક્કા માટે પસંદ કરવામાં આવશે.
- પ્રથમ તબક્કાના વિજેતાઓને તા. ૧૦-૯-૨૦૧૨ સોમવાર સુધીમાં જાણ કરવામાં આવશે.

- **પ્રથમ તબક્કાના વિજેતાઓ તથા કોમ્પ્યુટર શિક્ષકો માટે તા. ૧૨-૯-૨૦૧૨ના રોજ, ગુજરાતી લેકિસકન દ્વારા "ગુજરાતી લેખન" પર માર્ગદર્શન માટે એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવેલ છે.**
- **અંતિમ અને નિર્ણાયક તબક્કાની સ્પર્ધા તા. ૧૪-૯-૨૦૧૨ના રોજ જે તે શાળામાં યોજવામાં આવશે. અને તેનું પરીણામ તા. ૧૬-૯-૨૦૧૨ના રોજ જાહેર કરવામાં આવશે. ઇનામ વિતરણ સમારંભ તે જ દિવસે નક્કી કરેલ સ્થળ પર યોજવામાં આવશે. (વિનંતીને ધ્યાનમાં લઇ એક નિશ્ચિત જગ્યા પરથી પરિવહનની સગવડ આપી શકાશે.)**

**ઇનામઃ**

* **દ્વિતીય તબક્કાના દરેક સ્પર્ધકને પ્રમાણપત્ર આપવામાં આવશે.**

* **પ્રથમ બે વિજેતાઓને વિકિપીડીયા દ્વારા ટ્રોફી એનાયત કરવામાં આવશે.**

* **વિજેતાઓના લેખ વિકિપીડીયા અને ધ ઓપનપેજની વેબસાઇટ પર અપલોડ કરવામાં આવશે.** (www.theopenpage.co.in) **આ ઉપરાંત લખાણ ફેસબુક લીંક પર પણ મુકવામાં આવશે.** (wwwfacebook.com/theopenpage)

**આપની એન્ટ્રી કેવી રીતે મોકલશો.**

- **દરેક લેખને એન્ટ્રી માટે મોકલો ત્યારે તેમાં નીચે દર્શાવેલ વિગત હોવી જરૂરી છે.**

**૧) સ્પર્ધાનું નામઃ**
**૨) લેખનું શીર્ષકઃ**
**૩) શાળાનું નામઃ**
**૪) સ્પર્ધકનું નામઃ**
**૫) ધોરણ અને વર્ગઃ**
**૬) ફોન નંબરઃ**
**૭) ઇ-મેઇલ આઇ. ડી. (ફરજીયાત)**

* **વિભાગ પ્રમાણે અલગ યાદી તૈયાર કરીને, વિદ્યાર્થીઓની વિગત સાથે એક્સેલ શીટમાં તૈયાર કરીને** (theopenpage@tripada.com) **પર મોકલી આપવાનું રહેશે.**

* **શાળા કોલેજ એકત્રિત કરેલ લેખ તા. ૧-૯-૨૦૧૨ સુધીમાં ધ ઓપનપેજ, ૪૦૧,૪૦૨, વિશ્વઆર્કેડ, કુમકુમ પાર્ટી પ્લોટ સામે, અખબાર નગર પાસે, અમદાવાદ-૩૮૦૦૬૧ના સરનામે મોકલી આપવાના રહેશે.**

* **વધુ વિગત માટે સંપર્ક કરોઃ** 9925032168, 9925013890, 9825734119